**તા. ૧૨ મી ફેબ્રુઆરી, ૨૦૨૪**

**ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૨૪**

**<u>માનનીય નાણામંત્રીશ્રીનો જવાબ</u>**

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ સભાગૃહમાં સને ૨૦૨૩-૨૪ ના વર્ષના ખર્ચના પૂરક પત્રકમાં સમાવિષ્ટ માગણીઓ પૈકી, ૧૦ માગણીઓની સભાગૃહ દ્વારા વિસ્તૃત ચર્ચા થઈ છે. બાકીની માગણીઓ ગિલોટીનથી પસાર કરેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આજ રોજ સને ૨૦૨૩-૨૪ ના ખર્ચના પૂરક પત્રકમાં સમાવિષ્ટ માગણીઓના **પૂરક વિનિયોગ વિધેયક ૨૦૨૪** પર માનનીય સભ્યશ્રીઓએ જે મુદ્દા રજૂ કરેલ છે એની મેં નોંધ લીધી છે અને તેનો ટૂંકમાં જવાબ આપવાનો પ્રયત્ન કરીશ.

**માનનીય અધ્યક્ષશ્રી,**

**<u>માનનીય ધારાસભ્યશ્રી ઇમરાન ખેડાવાલાએ</u>** અમદાવાદ શહેરમાં અસામાજીક તત્વોનો ત્રાસ નિવારવામાં તંત્રની નિષ્ફળતાનો મુદ્દો ઉપસ્થિત કરેલ છે જે બાબત સત્યથી વેગળી છે.

અમદાવાદ શહેર પોલીસ દ્વારા અસામાજીક પ્રવૃત્તિઓને અંકુશમાં રાખવા માટેના તમામ અસરકારક અને પરીણામલક્ષી કાર્યો અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી અને ગૃહ મંત્રીશ્રીના માર્ગદર્શનમાં ગૃહ વિભાગ દ્વારા કરવામાં આવી

રહ્યા છે. જેના કારણે અમદાવાદમાં લોકો કોઇપણ ભય વિના પોતાની રોબબરોજની પ્રવૃત્તિઓ, ધંધા રોજગાર ચલાવી રહ્યા છે. અમે કડક હાથે કામ લઇ અસામાજિક તત્વોને દાબી દીધા છે આથી આજે શહેરમાં ઘણી શાંતિ છે.

અસામાજિક પ્રવૃત્તિઓને અંકુશમાં રાખવા માટે છેલ્લા છ મહિનામાં ઘણા ઇસમો સામે પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ છે. શહેરમાં અસામાજીક તત્વો તેમજ અસામાજીક પ્રવૃત્તિઓને ડામી દેવા સી.આર.પી.સી., જી.પી.એકટ તથા પ્રોહીબીશનની અટકાયતી કલમોની જોગવાઈઓ હેઠળ ઘણા લોકો સામે અટકાયતી પગલાઓ લેવામાં આવેલ છે.

અમદાવાદ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અંકુશ હેઠળ રહે તે હેતુથી શહેરમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં પોલીસ કર્મચારીઓ દ્વારા વાહન ચેકીંગ તેમજ ફૂટ પેટ્રોલીંગ થઈ રહ્યું છે.

દરેક પોલીસ સ્ટેશનનોમાં નિમણુંક પામેલ 'SHE' ટીમના કર્મચારીઓ દ્વારા પણ મહિલા સુરક્ષાને ધ્યાને રાખી અસામાજીક તત્વો વિરૂધ્ધ કાર્યવાહી કરવા અર્થે સતત પેટ્રોલીંગ કરવામાં આવી રહેલ છે.

આકસ્મિક ઘટનાઓ સમયે તુરત જ કાર્યવાહી કરી શકાય તે હેતુથી પોલીસ કન્ટ્રોલરૂમ અમદાવાદ શહેર દ્વારા રેડ એલર્ટ સ્કીમને અમલમાં મુકવામાં આવે છે.

શહેરમાં લાગેલ સી.સી.ટી.વી. કેમેરાનું અસરકારક મોનીટરીંગ કરવામાં આવે છે. જેના કારણે કોઇપણ બનાવ બને ત્યારે તેના ઉપર કવીક રીસ્પોન્સ આપવામાં આવી રહેલ છે'

અમદાવાદ શહેરના સ્પેશ્યલ બ્રાન્ચના વોચર્સ દ્વારા પણ અસામાજીક તત્વો ઉપર વોચ રાખવામાં આવી રહેલ છે. જેના કારણે શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ નિયંત્રણમાં છે અને ગુનાખોરી અટકેલ છે.

આથી, તંત્રની નિષ્ફળતાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આમ છતાં આપના ધ્યાને કોઇ ચોકકસ ફરિયાદ કે માહિતી હોય તો રજૂ થયેથી તપાસ કરી યોગ્ય નિકાલ કરવામાં આવશે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

<u>**માનનીય ધારાસભ્યશ્રી ગેનીબેન ઠાકોરે**</u> ગ્રામીણ વિસ્તારોમાં પાણીની સમસ્યા અંગે વાત કરેલ છે. જે બાબતે હું માન. સભાગૃહને જણાવવા માંગુ છું કે ૧૫મી ઓગષ્ટ, ૨૦૧૯થી “જલ જીવન મિશન”ની શરુઆત થયેલ છે. જે અંતર્ગત પાણી પુરવઠા વિભાગ દ્વારા રાજ્યના ગ્રામ્ય વિસ્તારના ઘરોને નળથી પાણી પુરુ પાડવાનો નિર્ધાર કરેલ છે.

નળ મારફતે શુધ્ધ, નિયમિત અને પુરતી માત્રામાં પીવાનું પાણી મળી રહે તે માટે બલ્ક પાઇપલાઇન, નવી જુથ યોજના તેમજ હયાત જુથ યોજનાના સુધારણાના કામો તેમજ ગામમાં નળ જોડાણ માટેની ગ્રામ્ય આંતરીક વિતરણ વ્યવસ્થાના કામો હાથ ધરવામાં આવેલ છે. તમામ કામોમાં ધારાધોરણો નકકી થયેલ છે એ મુજબ ગુણવત્તાની પૂરતી કાળજી રાખવામાં આવે છે. આ અંગે આદિજાતિ વિસ્તારોમાં અંતરીયાળ વિસ્તારો માટે ખાસ કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

ગામોમાં પાણીના આતંરીક વિતરણ માટે પાણી પુરવઠા યોજનાઓનુ અમલીકરણ જે તે ગામની પાણી સમિતી ધ્વારા હાથ ઘરવામાં આવે છે. ઘણી પંચાયતોમાં સરપંચશ્રીઓની ચૂંટણી પછી ફેરફાર આવે છે જેથી પાણી સમિતિના કામમાં થોડી અડચણ થતી હોય છે.

આમ, ગ્રામીણ વિસ્તારોમા પાણીની પાઇપલાઇન નાખી પાણી પહોચાડવામા તંત્રની નિષ્ફળતાનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. નર્મદા યોજના હેઠળ સમગ્ર રાજયમાં પાણીની ગ્રીડ ઉભી કરી રાજય સરકારે રાજયના બધા ગામડાઓ અને શહેરોને જળ સલામતી પૂરી પાડવાનું ભગીરથ કાર્ય કરેલ છે. આ માટે આપણા પૂર્વ મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના દૂરદેશીભર્યા નેતૃત્વને અભિનંદન આપું છું.

આમ છતાં આપના તરફથી કોઇ ચોકકસ માહિત કે ફરિયાદ હશે તો યોગ્ય તપાસ કરી નિકાલ કરવામાં આવશે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

**માનનીય ધારાસભ્યશ્રી ઉમેશભાઇ મકવાણા એ** પછાત વર્ગોના કલ્યાણ માટે પૂરતા બજેટની જોગવાઈ કરવામાં તંત્રની નિષ્ફળતા બાબતે ચિંતા વ્યક્ત કરેલ છે.

આ બાબતમાં સભાગૃહના માધ્યમથી જણાવવા માંગુ છુ કે, અનુસૂચિત જાતિ, વિચરતી અને વિમુક્ત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, આર્થિક

રીતે પછાત વર્ગ તેમજ લઘુમતીઓના સામાજિક, શૈક્ષણિક અને આર્થિક વિકાસ માટે અમારી સરકાર સદાય ચિંતિત રહે છે.

અમારી સરકાર ધ્વારા પછાત વર્ગના સંર્વાંગી વિકાસ માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકેલ છે. જેમાં વિધાર્થીઓને વિવિધ અભ્યાસક્રમો માટે શિષ્યવૃત્તિઓ, ધોરણ ૧ થી ૮ ના બાળકોને ગણવેશ સહાય, વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે લોન, ધોરણ ૯ ની કન્યાઓને સાયકલ સહાય, કોમર્શીયલ પાયલોટની તાલીમ માટે લોન, ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓ, ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો, આદર્શ નિવાસી શાળાઓ, કોલેજકક્ષાના વિદ્યાર્થીઓ માટે સરકારી છાત્રાલયો, સ્વરોજગારી માટે માનવગરીમા યોજના, પંડિત દીન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના, કુંવરબાઇનું મામેરુ અને સાતફેરા સમુહ લગ્ન જેવી વિવિધ યોજનાઓનો સમાવેશ થાય છે.

લાભાર્થીઓને આ યોજનાઓનો ઝડપી લાભ મળે તેમજ પારદર્શીતા જળવાય તે માટે ઓનલાઇન પધ્ધતિ અમલમાં મૂકી છે. દર માસે જિલ્લા અધિકારીઓની સમીક્ષા બેઠક બોલાવીને દરેક યોજનાની સમીક્ષા કરવામાં આવે છે. તેમજ, ઉચ્ચ અધિકારીઓ ધ્વારા પણ જિલ્લા કચેરીઓની મુલાકાત લઇને યોજનાકીય કામગીરીની સમીક્ષા અને મોનીટરીંગ કરવામાં આવે છે.

વર્ષ ૨૦૧૯-૨૦ માં સામાજિક અને શૈક્ષણિક રીતે પછતા વર્ગો માટે વિવિધ યોજનાઓ હેઠળ રૂપિયા ૧૮૯૭ કરોડ ફાળવ્યા હતા. જે વર્ષ ૨૦૨૩-૨૪માં વધીને રૂપિયા ૨૫૯૯ કરોડ થયા છે.

મને જણાવતાં આનંદ થાય છે કે, વર્ષ ૨૦૨૪-૨૫ માં સામાજિક અને શૈક્ષણિક રીતે પછતા વર્ગો માટે વિવિધ યોજનાઓ હેઠળ રૂ.૨૯૨૮.૮૧ કરોડની માતબર રકમની જોગવાઇ કરવામાં આવી છે.

આ તમામ વિગતો પરથી ફલિત થાય છે કે, રાજયના પછાત વર્ગોના કલ્યાણ માટે અમારી સરકારે સતત કાર્યશીલ રહીને વિવિધ યોજનાઓનું અસરકારક અમલીકરણ કરાવી હકારાત્મક અભિગમ અપનાવેલ છે. આથી, તંત્રની નિષ્ફળતાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

માનનીય

**માનનીય ધારાસભ્યશ્રી વિમલભાઇ ચુડાસમા એ** વેરાવળ બંદરના જેટીના કામોમાં ખાનગી કંપનીઓ દ્વારા થતી રેતી-મેટલની ચોરી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા અંગેની રજૂઆત કરેલ છે. આ બાબતમાં સભાગૃહનું ધ્યાન દોરતા હું જણાવવા માંગુ છું કે, વેરાવળ ખાતે ફેઝ-૨ મત્સ્યબંદર વિકસાવવા માટે ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા ફીશરીઝ ખાતા વતી ડીપોઝીટ વર્ક તરીકે ભાવપત્રકની નિયમાનુસારની કાર્યવાહી પૂર્ણ કરી નિયત કરેલ એજન્સી દ્વારા યોજનાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

આ યોજના માટે ગુણવતાની કામગીરી અન્વયે કામમાં વાપરવામાં આવતા માલસામાન અને મટીરીયલની ગુણવતા જાળવવા માટે તેમજ તાંત્રિક રીતે સુપેરે કામગીરી હાથ ધરાય તે માટે થર્ડ પાર્ટી ઇન્સ્પેક્શન/પ્રોજેકટ મેનેજમેન્ટ ની કામગીરી માટે IIT ચેન્નાઇની નિમણૂક કરવામાં આવેલ છે. તેઓ દ્વારા સ્થાનિક કક્ષાએ તેમના તાંત્રિક કર્મચારીઓ મારફતે રોજબરોજની ગુણવતા જાળવવાની

કામગીરી હાથ ધરાય છે. જે અન્વયે જરૂરી ધારાધોરણ મુજબ માલસામાન / મટિરિયલની નિયત પરીક્ષણો દ્વારા ખરાઈ કરવામાં આવે છે.

જે માલસામાન/મટિરિયલ ના પરીક્ષણો નિયત ધારાધોરણ મુજબના ન હોય તેને યોજનામાં ઉપયોગમાં લેવાય નહીં, તે અંગે IIT ના માર્ગદર્શન મુજબ એજન્સી દ્વારા કામગીરી હાથ ધરાય છે. IIT ચેન્નઈ સ્થિત વરિષ્ઠ તજજ્ઞ દ્વારા પણ સમયાંતારે સાઇટ વિઝીટ કરવામાં આવે છે અને ગુણવતા જાળવવા જે સૂચનો કરાય છે તેની અમલવારી હાથ ધરી તે મુજબની કામગીરી હાથ ધરાય છે.

ગુજરાત મેરીટાઇમ બોર્ડ કચેરીમાં ગુણવતા નિયમન વિભાગની અલાયદી કચેરી દ્વારા પણ સાઇટની વખતોવખત વિઝિટ કરી કામના માલસામાન/મટિરિયલની ચકાસણી કરવામાં આવે છે.

આ ઉપરાંત, ભુસ્તરવિજ્ઞાન અને ખનીજ વિભાગની ટીમ દ્વારા નિયમિત ધોરણે વિવિધ ખનીજની રોયલ્ટીની વિગતો અને ખનીજના જથ્થાનું મેળવણું કરી ચકાસણી કરવામાં આવે છે. આમ, સદર બાબતને ગંભીરતાથી લઈ સત્વરે કાર્યવાહી કરવામાં આવે છે. આથી, તંત્રની નિષ્ફળતાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. છતાં આપના તરફથી કોઇ ચોકકસ ફરિયાદ હશે તો તપાસ કરી યોગ્ય નિકાલ કરવામાં આવશે.